**સોગંદ આપ્યા.....**

**ફરીયાદી મીનેષભાઈ કીશોરભાઈ શાહની આંક–જની સરતપાસ લગત આરોપી તર્ફે ઉલટતપાસ વિ.વ.શ્રી વાય.એન.મહેતા**

(૧)

સવાલ:– આ કામના આરોપીને આપના દ્રારા કોઈ લોન આપવામાં આવેલ નહી ?

જવાબ:– બેંક વતી મારા દ્રારા આપવામાં આવેલ છે.

એ વાત ખરી છે કે, અમારી મેઈન કચેરી ગુજરાત મધ્યે આવેલ નથી. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે, રાજસ્થાન ખાતે આવેલ છે. મને આ કામના આરોપીને લોન આપવા અંગેનો લોન સેન્કશન લેટર વડી કચેરી દ્રારા આપવામાં આવેલ. તે લેટર કઈ તારીખે આપેલ તે હું જોઈને જણાવી શકુ તેમ છું તથા રૂા. ૩૦,૦૦,૦૦૦/– નો સેન્કશન લેટર હતો.

સવાલ:– આપની વડી કચેરી અને દીપેનભાઈ વચ્ચે કોઈ મોર્ગેજડીડ થયેલ નથી ?

જવાબ:– બેંક અને દીપેનભાઈ વચ્ચે મોર્ગેજડીડ થયેલ છે.

સવાલ:– લોન સેન્કશન લેટર તમોએ આ કામે રજુ કરેલ નથી ?

જવાબ:– ફાઈલ જોઈને હું કહી શકુ. હું નામદાર કોર્ટની ફાઈલ જોઈને જણાવું છુ કે લોન સેન્કશન લેટર નીશાની ૩/૩થી મેં નામદાર કોર્ટમાં રજુ કરેલ છે.

એ વાત ખરી નથી કે,નિશાની ૩/૩વાળા લોન સેન્કશન લેટરમાં આરોપીની રૂા. ૩૦,૦૦,૦૦૦/– ની લોન મંજુર થયા અંગેની વિગત લખેલી નથી.

સવાલ:– નિશાની ૩/૩નાં લોન સેન્કશન લેટર સિવાય આ લોન આપવા અંગે તમને કોઈ પાવર ઓફ એર્ટની આપેલ નથી ?

જવાબ:– લોન સેન્કશન ઓર્ડર જ લોન આપવા માટે પુરતો હોય છે.

સવાલ:– મોર્ગેજડીડમાં તમારી બેંકના ઉપરી અધીકારીની સહી નથી ?

જવાબ:– અમારે નિશાની ૩/૩ના લોન સેન્કશન લેટરના આધારે જ આ કાર્યવાહી કરવાની હોય છે જેથી મોર્ગેજડીડીમાં બેંકના ઉપરી અધીકારીની સહીની જરૂરીયાત રહેતી નથી.

સવાલ:– નિશાની ૩/૩ લોન સેન્કશન લેટરમાં આ કામના આરોપી પાસેથી લોન પેટે બ્લેન્ક ચેક લેવા તેવું કયાંય લખેલ નથી.

જવાબ:– નિશાની ૩/૩ લોન સેન્કશન લેટરમાં પેજ નંબર બે પર શરત નંબર ૨૧માં આ જોગવાઈ કરવામાં આવેલ છે.

નિશાની ૩/૩ રજુ દાખલ **આંક–૩૪.**

સવાલ:– નિશાની ૩/જનાં ગીરોખતમાં નિશાની ૩/૩ લોન સેન્કશન લેટરમાં પેજ નંબર બે પર શરત નંબર ૨૧માં કરેલ જોગવાઈ જેવી કોઈ વીગતો ચેક અંગે દર્શાવેલ નથી ?

જવાબ:– ગીરોખતમાં મીલ્કતમાં મીલ્કત, માલ, મશીનરી વીગેરે લખવી જરૂરી છે, ચેકની વીગત આમાં ન આવે.

એ વાત ખરી છે કે, નિશાની ૩/જનાં ગીરોખતમાં જણાવ્યા મુજબની મીલ્કતો આજની

તારીખે બેંકના કબજામાં છે. એ વાત ખરી નથી કે, અમે જે લોન આપેલી તે મીલ્કત ઉપર આપેલી, ચેક ઉપર નહી. નિશાની ૩/૪ રજુ દાખલ **આંક–૩૫.**

સવાલ:– કુલ કેટલા ચેક આપવાના, કઈ કઈ તારીખના આપવાના તે આંક–૩૪ સિવાય તમારા અને આરોપી વચ્ચે અલગથી લખાણ થયેલ નથી ?

જવાબ:– આંક–૩૪માં શરત નંબર ૨૧માં જણાવ્યા મુજબના ચેકો લીધેલ છે.

સવાલ:– આંક–૩૪માં શરત નંબર ૨૧ મુજબ તમે આરોપી પાસેથી કેટલા ચેક લીધેલા, કઈ કઈ તારીખના લીધેલા અને કેટલી કેટલી રકમના લીધેલા?

જવાબ:– આંક–૩૪ની શરત નંબર ૩ની વિગતે ચેકો લીધેલા, કુલ ૬૦ ચેક, આશરે રૂા. ૭૫,૯૦૦/– માસિક હપ્તાની રકમ મુજબ.

એ વાત ખરી નથી કે, રૂા. ૭૫,૯૦૦/– નો કોઈ હપ્તો નથી.

(૨)

સવાલ:– આરોપીની જે મીલ્કત મોર્ગેજ કરવામાં આવેલ હતી તેની અમારી બેંક દ્રારા સર્ફેસી એકટ હેઠળ હરાજી કરીને વેંચી નાખવામાં આવેલ છે ?

જવાબ:– સર્ફેસી એકટ હેઠળ આરોપીની મીલ્કત કબજે લેવામાં આવેલ હતી તેટલી મને જાણકારી છે, ત્યારબાદ તા. ૧૯/૬/૨૦૨૦થી હું આ બ્રાંચમાંથી રીલીવ થઈ થાનગઢ ખાતે ફરજ બજાવું છું.

એ વાતની મને જાણકારી નથી કે, આરોપી પાસે જે કાંઈપણ લોનની રકમ લેવાની હતી તે આ મીલ્કત વેંચી વસુલ કરી લીધેલ છે. એ વાત ખરી નથી કે, આરોપી પાસે જે કાંઈપણ લોનની રકમ લેવાની હતી તે અમારી બેંકને મળી ગયેલ હોવા છતા અમારી પાસે આરોપીના જે બ્લેન્ક ચેકો પડેલ હતા તેનો દુરઉપયોગ કરેલ છે. નિશાની ૩/૫ વાળો ચેક રૂા. ૭૫,૯૦૦/– ની રકમનો છે. એ વાત ખરી છે કે, નિશાની ૩/૫ વાળા ચેકની તારીખ અલગ અલગ છે. એ વાત ખરી નથી કે, આ ચેકો પરત ફર્યાની કોઈ નોટીસ આરોપીને આપેલ નથી.

સવાલ:– ચેકની નોટીસ તમે આપેલ નથી અને તે આરોપીને મળી ગઈ હોય તેવો પુરાવો આ કામે રજુ કરેલ નથી ?

જવાબ:– ચેકની નોટીસ આપવામાં આવેલી.

આ ચેક પરત ફર્યાની તારીખ ૧૧/૧૧/૨૦૧૯ છે અને નોટીસ આપ્યાની તારીખ ૧૯/૧૧/૨૦૧૯ છે. એ વાત ખરી છે કે, મેં ચેકની તારીખ તથા નોટીસ આપ્યાની તારીખ નામદાર કોર્ટની ફાઈલમાંથી જોઈને જણાવેલી છે. ચેક પરત ફર્યાના સ્ટેટમેન્ટની કોપી રજુ રાખવી જરૂરી ન હોય જેથી રજુ રાખેલ નથી પરંતુ ચેક રીટર્ન મેમો જરૂરી હોય જે રજુ રાખેલ છે. નિશાની ૩/૫ રજુ દાખલ **આંક–૩૬.**

(૩) એ વાત ખરી છે કે, અમારી બેંકમાં આરોપીના બે ખાતા હતા. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે, મને બે ખાતાનું પુછેલ છે જેથી હા પાડેલ છે પરંતુ વધારે પણ હોઈ શકે. એ વાત ખરી છે કે, નિશાની ૩/૬ વાળો ચેક રીટર્ન મેમો અમારી બેંકનો જ છે. એ વાત ખરી છે કે, નિશાની ૩/૬ વાળો રીટર્ન મેમો અમારી બેંકે જ જમાં કરાવી પરત ફરતા અમારી બેંકે જ રીટર્ન મેમો આપેલ છે. નિશાની ૩/૬ રજુ દાખલ **આંક–૩૭.** એ વાત ખરી નથી કે, આરોપીએ ચેકની વીગતો ભરી, ચેકમાં તારીખ નાખી આ ચેકો આપેલ

નથી. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે, દરેક ચેકમાં આરોપીની સહીથી જ ચેક વેલીડ થયેલ છે, આરોપીએ જ અમોને બધા ચેક સોંપેલ છે. એ હું જોઈને જ કહી શકુ કે, દરેક ચેકની અંદર રૂા. ૭૫,૯૦૦/– ભરીને ૬૦ ચેકો આરોપીએ અમને આપેલા નહી. એ વાત ખરી નથી કે, આ કામના આરોપીને ચેકની વૈધાનિક નોટીસ બજેલ નથી. એ વાત ખરી નથી કે, આ કામના આરોપીએ મને કોઈ ચેકની રકમ કાયદેસરના લેણા પેટે આપેલ નથી. એ વાત ખરી નથી કે, આરોપી પાસે જે કાંઈપણ લોનની રકમ લેવાની હતી તે અમારી બેંકને મળી ગયેલ હોવા છતા અમારી પાસે આરોપીના જે બ્લેન્ક ચેકો પડેલ હતા તેનો દુરઉપયોગ કરી હાલની ખોટી ફરીયાદ દાખલ કરેલ છે.

ફેરતપાસ નથી.

સ્થળ:– હળવદ.
તારીખ:– ૧૫/૯/૨૦૨૫
સાહેદને જુબાની વાંચી સંભળાવતા તે ખરી હોવાનું કબુલ કરે છે.

એડી. ચીફ જયુડી. મેજીસ્ટ્રેટ,હળવદ

મારી રૂબરૂ,

( નિમિષા ગંગારામભાઈ સુરતી)
એડી. ચીફ જયુડી. મેજીસ્ટ્રેટ,હળવદ

એડી. ચીફ જયુડી.મેજીસ્ટ્રેટ,
હળવદ.